

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*દૈ ધો દાન ઉપાધ્યાયને અમે તો ચાટસું ઘંટી!*
*સાચવી લ્યો આફ્રિકાને અમે ખાસું બાજરો-બંટી*
*કંઠી બાંધી લ્યો, માલ્યા ને ચોકસીની વર્લ્ડ બેન્કમાં*
*કરજનો કડૂસલો કરીને પછી જાવ છૂટી -*

હાઈકુ

*દઈ ધો ગાયો,*
*થઈ જાય સુરક્ષા -*
*કલતમાંથી...*
*(૨૦૦નું ગૌ દાન)*

*લ્યો થઈ જાવ*
*દાતા ને દાનેશ્વરી -*
*પારકે પૈસે...*
*(માલ્યા ના મોટાભાઈ)*

### ચિંતન

*દુર્જનઃ પરિહતવ્યઃ પ્રત્યક્ષો દ્વિપદઃ પશુઃ ।*
*વિદ્યતે વા કુશલ્યેન અદૃષ્ટઃ કણ્ટકો યથા ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જેમ કાંટો જોવામાં આવે નહિ, તો તે પોતાની કઠોર અણીથી વીંધે છે, તેમ દુર્જન બે પગવાળો પ્રત્યક્ષ પશુ છે, તેનો ત્યાગ કરવો, નહિ તો તે વીંધી નાખે છે.

આપણે જેમ કાંટો ભોકાશે ના ભયથી સાવધ રહી છીએ એમ દુર્જન પણ સ્વભાવથી જ 'કાંટો' છે તેનાથી બચીને સાવધ રહી - દૂર રહેવું.

### સુવિચાર

- કોઈ માણસ મને છેતરે તો તે માણસને લ્યાનત છે, પણ મને બે વખત કોઈ છેતરે તો મને લ્યાનત છે - **ઈટાલિયન કહેવત**
- દુર્જન સાથે ભલાઈ કરવી એટલે સજ્જનો સાથે બૂરાઈ કરવી - **વિચારદીપ**
- તું પોતે જ ઈશ્વરનો અંશ છે !... તું તારું પોટેન્શિયલ (શક્યતા) વિકસાવ, તું પોતે જ તારી મેળે દિવ્ય થઈ જઈશ - **સ્પિનોઝી હિબ્રુ**
- દુશ્મનની હથેળીથી સાવથી ફેણ પર પ્રહારો કરવા એ કુટનીતિ છે - **કન્નત કહેવત**
- યે માણસ ભાગ્યશાળી છે જેની ગુલામી ધન કરે છે અને અભાગિયો માણસ એ છે જે ધનનો ગુલામ હોય - **વોલ્તેર**
- સારામાં સારું છાત્રાલાય પણ કદી ઘરની તોલે આવી શકતું નથી - **નાનાભાઈ ભટ્ટ**
- આજનું ઔષધ : પાકા કેળાને છુંદી તેમાં એક ચમચી બદામનું તેલ નાખી મિક્સ કરી વાળના મૂળમાં લગાવી, એક કલાપ પછી વાળ ધોવાથી વાળ સુંવાળા બને છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક રાજયમાં પ્રખર વૈદ્યરાજો એ એવા સુરમો બનાવ્યો કે જે આંજવાથી નેત્રહીન પણ દેખતો થઈ જાય. રાજાએ પોતાના પડોશી રાજયમાં મિત્રભાવે એક ચપટી સુરમો ડબીમાં મોકલાવ્યો. સાથે પત્રમાં જણાવ્યું કે આ સુરમો આંજવાથી નેત્રહીનમાં દૃષ્ટિ મળશે. સુરમો પ્રાપ્ત કરનાર રાજાએ ડબી જોઈ તો એમાં ફક્ત બે આંખમાં આંજી શકાય એટલો જ સુરમો હતો. અને રાજયમાં નેત્રહી તો ઘણાબધા હતા. એવામાં રાજાને પોતાના એક ચાલાક અને બુદ્ધિશાળી મંત્રીનું સ્મરણ થયું જેઓ વૃદ્ધ થઈ ગયા હતા અને દૃષ્ટિહીન પણ હતા. જો એ દેખતા થઈ જાય તો રાજયને એમના જ્ઞાનનો પણ ઘણો લાભ મળે તેમ હતું. રાજાએ તેમને બોલાવી સુરમાની ડબી આપતા કહ્યું, 'આ સુરમો તમારી આંખોમાં આંજશો તો તમારી આંખોમાં તેજ પાછા આવશે માત્ર એટલું જ ધ્યાન રાખજો કે બે આંખમાં તેજ આપી શકે એટલો જ સુરમો છે.' વૃદ્ધમંત્રીએ એક આંખમાં સુરમો આંજ્યો અને એમની આંખમાં જયોતિ પાછી આવી, પણ બાકી બચેલો સુરમો એમણે બીજી આંખમાં આંજવાને બદલે જીભ પર મૂકી ચાખ્યો. બીજે દિવસે રાજાને ખબર પડી એટલે એણને પુછ્યું, 'આ શું કર્યું ?' તમને લોકો કાણા કહી મહેણા ટોણા મારશે.' વૃદ્ધ મંત્રીએ જવાબ આપ્યો, 'મહારાજ આપ એની ચિંતા ન કરો હું કાણો નહીં રહું, મેં સુરમો ચાખી ને જાણી લીધું છે કે એમાં કંઈ કંઈ ઔષધિનો ઉપયોગ થયો છે. હવે એવો સુરમો આપણે આપણા વૈદ્યરાજ પાસે બનાવડાવીશું અને આપણા રાજયમાં હવે કોઈ નેત્રહીન નહીં રહે.' રાજાએ કહ્યું, 'આ અમારું સદ્ભાગ્ય છે કે આપ જેવા મંત્રી અમને મળ્યા છો અમારા ધનભાગ્ય છે.'

# આસામમાં વણનોંધાયેલા બાંગ્લાદેશીઓના નામે બુમરાણ

**તંત્રીસ્થાનેથી...**

આસામમાં રજિસ્ટર્ડ નાગરિકોની યાદી જો કે ફાઈલન નથી થઈ પરંતુ એનો જે ડ્રાફ્ટ પ્રકાશિત કરાયો છે એમાં લાખો માણસોની નાગરિકા સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. આ બાબત કોઈ રાતોરાત બનેલી ઘટના નથી કે જે લોકો છેલ્લા દાયકાઓથી આસામમાં વસવાટ કરી રહ્યા છે તે બધા દેશદ્રોહી છે એવું પણ નથી. એ હકીકત છે કે જેમનાં નામ અધિકૃત ડ્રાફ્ટમાં સામેલ થઈ શક્યાં નથી એમની પાસે સરકારે માગેલ પુરાવાઓનો અભાવ છે. કેટલાકે આડુંઅવળું કરીને આધાર કાર્ડ પણ કઢાવી લીધું છે પણ જો એમની ૧૯૭૧ પૂર્વે આસારમમાં હાજરીની સાબિતી પૂરી પાડવામાં એ ઊણા ઊતર્યા છે. ૧૯૭૧નું વર્ષ એટલા માટે કટ ઑફ ડેટ ગણાય છે કે તે બાંગ્લાદેશના સર્જનનું વર્ષ છે. ઈંદિરા ગાંધીએ જનરલ અને ફીલ્ટ માર્શલ માણેક શાને છૂટો દોર આપતાં જે યુદ્ધ છેડાયું હતું એમાં પાકિસ્તાનની પૂર્વ પાંખ તૂટી ગઈ હતી અને તે હવે શેખ મુજીબઉર રહેમાનના બાંગ્લાદેશ તરીકે ઓળખવા લાગ્યા હતું. આ સમયગાળા દરમિયાન બંગાળના જ હિસ્સા તરીકે રહી ચૂકેલા બાંગ્લાભાષી લોકોએ ભાગીને ભારતમાં વસવાટ કરવાની તક ઝડપી લીધી હતી. બધાને ખબર હતી કે બાંગ્લાદેશ કરતાં ભારતમાં રોજગારની તકો વધુ હતી, વળી ભારતમાં વસી જવાથી બહુ મોટા દેશમાં હરવા ફરવાની અને કામધંધાની છૂટ ઉપરાંત સાચા અર્થમાં લોકશાહીના અધિકારો મળી શકે એમ હતા. આવી સ્વાર્થપ્રેરક લાગણીથી ખેંચાઈને ઘણા બધા બાંગ્લાદેશીઓ આજની તારીખ સુખી ભારતમાં ઘૂસણખોરી કરવા મથતા રહ્યા છે. કોંગ્રેસના શાસન દરમિયાન આવા ઘૂસણખોરીને વોટબેંક તરીકે સમાવવાની ચેષ્ટા પણ થઈ હશે એવો ઈનકાર થઈ શકે એમ નથી. પરંતુ પછી જે વસતિ સંતુલન જોખમાતું ગયું એની સામે મૂળ નિવાસીઓ અને આગંતુકો વચ્ચે ઘર્ષણ વધતું ગયું. એમાં આસામ ગણ પરિષદ જેવો વિદ્યાર્થીઓનો રાજકીય પક્ષ અસ્તિત્વમાં આવ્યો અને કોંગ્રેસ સામે વિજયી બની પ્રફુલ્લ કુમાર મહંતોએ સરકાર પણ રચેલી. ઘણાં વર્ષોથી બંગાળ અને ઉત્તરપૂર્વનાં આસામ સહિતનાં રાજયોમાં આ ઘૂસણખોરીનો પ્રશ્ન શિરોવેદના સમો બની રહેલ છે. કોંગ્રેસ, ડાબેરીઓ અને તૃણમૂલ કોંગ્રેસ જેવા પક્ષો એને માનવીય કરુણાની રૂએ ગંભીર નથી ગમતા. પરંતુ ઘૂસણખોરો પૈકી મુસલમાનો મોટી સંખ્યામાં હોઈ સ્વાભાવિક રીતે જ ભારતીય જનતા પાર્ટીને એની ફિકર રહે છે. વળી આતંકવાદનાં પાકિસ્તાની સૂત્રો સાથે પણ આ બાંગ્લાદેશીઓના તાર જોડાયેલા હોવાના પુરાવા મળતા રહ્યા છે. આથી ખરા નાગરિકોની યાદી તૈયાર કરવાની સરકારી પહેલને સુપ્રીમનું પણ સમર્થન સાંપડતાં એ કામગીરી ચાલી રહી છે. તૃણમૂલ કોંગ્રેસનાં મમતા બેનરજીએ રાષ્ટ્રીય નેતાગીરી માટે કમ્મર કસી છે એટલે બાંગ્લા ભાષીઓને તેઓ એક જ માળાના મણકા માની રહ્યાં છે અને સરકાર ધર્મના નામે વિભાજન કરતી હોવાનો આક્ષેપ લગાવી રહ્યાં છે. સંસદના ચોમાસું સત્રમાં આ મુદ્દે હોબાળો મચી રહ્યો છે ત્યારે નરેન્દ્ર મોદીની સરકાર માટે તો ઊલટાનો આ મુદ્દો આગામી લોકસભાની ચૂંટણીમાં ગરમાગરમ હથિયાર બની રહેશે. હિંદુત્વના મુદ્દાને હાંસિયે મૂકીને તેઓ હિંદુઓનું ધ્રુવીકરણ કરી શકે એવો આ રાષ્ટ્રીય મુદ્દો છે.

# આફટર ઓલ... પોતાના માટે પણ સમય તો કાઢવો જોઈએ ને...



નવાં કલેવર
નટવર હેડાઉ

શહેરના નવ વિકસિત વિસ્તારમાં ખુબ જ આધુનિક સુવિધાયુક્ત શહેરની પ્રતિષ્ઠિત પ્રાઈવેટ સ્કૂલમાં દેવલ શિક્ષિકા હતી.

આજ પેરેંટ્સ - ટીચર મીટીંગમાં તો એવાં બાળકોના માતા-પિતા સાથે વાત કરી રહી હતી. જેમનાં બાળકો ખુબ તોફાની અને મસ્તીખોર હતા. અને ભણવામાં બિલકુલ ધ્યાન આપતાં ન હતા.

દેવલે મેડમે તેમને કાઉન્સેલીંગ કરતાં કહ્યું 'તમે તમારાં બાળકોને ટાઈમ આપો. તેની સાથે હળીમળીને સ્નેહપૂર્વક વાત કરો. તેને ગમતી રમત રમવા માટે છૂટ આપો. તેને ગાર્ડનમાં ફરવા લઈ જાઓ. સ્કૂલની રૂટીન વાતો તેની સાથે શેયર કરો. તમે આપેલો પ્રેમ અને ટાઈમ તેના માટે સૌથી વધુ પ્રિશિયસ ગીફ્ટ છે. યૂ નો વોટ આઈ એમ સેઈંગ.'

ઘેર આવતાં જ દેવલ પોતાના એકના એક દીકરા પર ચીડાઈ ગઈ

'રાહુલ આ તેં શું કર્યું ? ડ્રોઈંગ રૂમ કેટલો અનારાઈડિ કર્યો છે... યૂ નોટ બિહેવ પ્રોપરલી... ગો ટૂ યોર રૂમ... પછી તો આયા પર ગુસ્સો ભરાઈ અને બુમો પાડી કહેવા લાગી' તું આખો દિવસ આની સાથે રહે છે તો તેને સારાસારનો વિવેક શીખવાવતી નથી ? પછી ધબ્બા દઈને તે સોફા પર બેસી ગઈ.

આયા ચૂપાચાપ દેવલ મેડલની વાતો સાંભળતી ઘડીકમાં રાહુલ તરફ તો ઘડીકમાં મેડમ તરફ તાકી રહી. પોતે શું ભૂલ કરી છે તેની તેને કંઈ સમજ પડતી ન હતી.

છોકરાં એ રડતાં રડતાં કહ્યું, 'મમ્મા, પ્લીઝ, આજ મને સાંજે ગાર્ડનમાં લઈ જા. મારે ત્યાં રમવું છે. બગીચામાં મને બહુ મજા આવે છે. મારે ત્યાં ફૂલો અને પતંગીયા જોવા છે. કેટલાય દિવસથી બહાર ગયો નથી. મને તારી સાથે ફરવાની મજા આવે છે.'

'ડૉન્ટ, વેસ્ટ માય ટાઈમ રાહુલ' તેણે ફરી બૂમ પાડી.

છોકરો રડતો રડતો પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

આ તરફ તેના મોબાઈલની રીંગ વાગતાં જ તેણે ફોન ઉઠાવ્યો. અને બોલી 'હલ્લો રીટા...'

હાં પાર્ટીમાં જરૂરથી જઈશું... આફટર ઓલ પોતાના માટે પણ સમય તો કાઢવો જોઈએને.

# દેવપ્રિયા બની મોટા ઘરની વહુ



ગુલમહોર
દિનેશ દેસાઈ

શીતળ સમીરની સરસરાહટ દેવપ્રિયાની અલકલટોને સંવારી જતી હતી પણ દેવપ્રિયા પોતાના નસીબનો વિચાર કરતી હતી કે નસીબને કેમ કરીને સંવારવું? ઑફિસ જવાનો ટાઈમ થયો હતો. ટાઈમસર પહોંચવું પડે એમ હતું પણ તેનું મન હજુ બેચેન હતું. મહિનાઓથી તેને આજના દિવસની પ્રતીક્ષા હતી કે ક્યારે આવે આ દિવસ? આજે રોહનનો જન્મદિવસ હતો અને રોહન જોજનો દૂર હતો. દિલમાં માત્ર યાદો વસીને રહી હતી. કેવો દેખાતો હશે? બદલાઈ તો નહિ ગયો હોય? ઑફિસે જઉં કે લીવ લઈને રોહનને મળવા ને વિશ કરવા જઉં? તેણે મનોમન નક્કી કર્યું અને ઝટપટ તૈયાર થઈને ઘરની બહાર નીકળી ગઈ.

દેવપ્રિયા મજુમદાર – બંગાળી પરિવારમાંથી આવતી દેવપ્રિયા સવાયી ગુજરાતી બની ગઈ હતી. મહાનગરમાં રહેતી દેવપ્રિયાએ છેક રિમોટ એરિયામાં જવાનું હતું. ટુ-વ્હીકલ લઈને જવાનું હતું અને રસ્તામાં ઘણા બધા સિગ્નલ અને ટ્રાફિક પણ ખરો. એક સાથે ઘણા બધા વિચારોએ તેના મગજને ઘેરી લીધું હતું. મા-બાપે એકની એક હોવાથી લાડકોડથી ઉછેરી હતી. ડિગ્રી કૉર્સ પૂરો કરીને માસ્ટર્સ કરતી વખતે સેલ્ફ-ડિપેન્ડ બનવા એક જ્વેલરી શૉ-રૂમના એકાઉન્ટ સૅક્શનમાં જૉબ સ્ટાર્ટ કરી હતી. પેઢીમાં કરોડોનો કારોબાર રહેતો. હિસાબની ચોકસાઈ અને વફાદારીમાં તેને કોઈ ન પહોંચે. માલિકની નજરમાં અને સ્ટાફમાં તે સૌની માનીતી બની ગઈ હતી. નાના શેઠ નિશિથ ઝવેરીની તો એ ફેવરિટ એમ્પ્લૉયી હતી.

> **આજે અચાનક દેવપ્રિયાને બધું યાદ આવી જતું હતું. પોતાની સહેજ પણ ઈચ્છા નહોતી કે નિશિથ સાથે લગ્ન કરે. મા-બાપે ખુબ સમજાવી હતી કે આવો સુખી પરિવાર અને વર મળે છે એ નસીબની જ વાત છે. આખરે દેવપ્રિયાએ મા-બાપની વાત માની હતી અને મોટા ઘરની વહુ બની હતી**

એક દિવસ નિશિથ ઝવેરીએ દેવપ્રિયાને પોતાની ચૅમ્બરમાં બોલાવીને કહ્યું હતુઃ "દેવપ્રિયા, મારે તને એક ખાસ વાત કરવી છે. એટલા માટે જ તને બોલાવી છે..."

આ તરફ દેવપ્રિયા તો સાંભળીને અવાક્ થઈ ગઈ હતી. નાના શેઠે તેને પ્રપૉઝ કર્યું હતું. તેઓ દેવપ્રિયા સાથે લગ્ન કરવા માગતા હતા અને કહેલું કે "એવું હોય તો હું તારા મમ્મી-ડેડીને મળવા આવવા પણ તૈયાર છું. એમને રાજી કરવાની જવાબદારી મારી. બસ, એક વાર તું હા કહે તો આગળ વાત ચલાવી શકાય."

નિશિથનો પ્રેમ અને આગ્રહ અનુભવી રહેલી દેવપ્રિયા બોલી પડી હતીઃ "નાના શેઠ, તમે પાગલ થયા છો કે શું? મારામાં એવું તો શું છે કે તમે આમ... હું તો એક કૉમન મીડલ ક્લાસ ફેમિલીમાંથી આવું છું. મેરેજ કરવા માટે મને જ પસંદ કરવાનું એવું તો શું કારણ છે?"

"તું છે જ એવી કે કોઈ પણ વ્યક્તિને તું ગમી જ જાય. તને ન ગમાડવાનું શું કારણ હોય?" આટલું કહીને નિશિથ દેવપ્રિયાની આંખોમાં ઝળકી રહેલો પ્રેમરસ જાણે પી રહ્યો હતો.

આજે અચાનક દેવપ્રિયાને બધું યાદ આવી જતું હતું. પોતાની સહેજ પણ ઈચ્છા નહોતી કે નિશિથ સાથે લગ્ન કરે. મા-બાપે ખુબ સમજાવી હતી કે આવો સુખી પરિવાર અને વર મળે છે એ નસીબની જ વાત છે. આખરે દેવપ્રિયાએ મા-બાપની વાત માની હતી અને મોટા ઘરની વહુ બની હતી. લગ્નની શરુઆતના ગાળામાં તો પતિ અને સાસરિયાં દેવપ્રિયાને ખુબ સારી રીતે રાખતાં હતાં. સમય જતા જાણે નજરકેદમાં રાખવામાં આવતી હોય એવું બનતું. તેણે અનુભવ્યું કે જાણે તેને રૂપની – શોભાની પૂતળી બનાવીને, સજાવીને જ ઘરમાં રાખી હતી. જ્વેલરી શૉ-રૂમ કે પેઢીની ઑફિસે જવાનું તો દેવપ્રિયાને પતિએ લગ્ન થયા ત્યારથી જ બંધ કરાવી દીધું હતું.

નિશિથ કહેતોઃ "તારે હવે કામ કરવાની શું જરુર છે? બીફૉર મેરેજ, ઈટ્સ ઑ.કે. પણ હવે..."

દેવપ્રિયા લગ્ન પછી પહેલી વાર સમસમી ગઈ હતી અને બોલી હતીઃ "લગ્ન પહેલા હું જૉબ કરતી હતી એટલે તમે કહેવા શું માંગો છો? મારા મા-બાપને રૂપિયાની જરુર હતી, એટલે હું જૉબ કરતી હતી? સૉરી ટુ સે, પણ મને સમજવામાં તમારી કંઈક ભૂલ થાય છે. હું ઈકોનૉમિકલી ઈન્ડિપેન્ડન્ટ રહેવા ટેવાયેલી છું. મને સ્વમાન ગમે છે અને સ્વતંત્રતા પણ."

પેટમાં નિશિથની નિશાની પાંગરતી હોવાથી તે વધુ કશું બોલી નહોતી. ઝવેરી પરિવારનો વારસદાર આવનારો હોવાથી પતિ અને સાસરિયાં દેવપ્રિયાને સારી રીતે રાખતાં હતાં. જો કે પાબંદી એવી કે તેણે બેડરૂમમાંથી ઝાઝું બહાર નીકળવાનું નહિ. કોઈ ગેસ્ટ આવે તો પણ બહાર આવવાનું નહિ કે કોઈ સાથે વાતચીત કરવાની નહિ. પાડોશીઓ સાથે તો બિલકુલ બોલવાનું નહિ. ધન-દોલત અને સાહ્યબી વચ્ચે પણ દેવપ્રિયા ઉદાસ રહેતી હતી.

આખરે દેવપ્રિયાએ દીકરાને જન્મ આપ્યો હતો. એનું નામ રોહન રાખવામાં આવ્યું હતું. બીજી તરફ બીમારીના કારણસર પહેલા ડેડી અને પછી મમ્મીનું અવસાન થયું હતું. હવે દેવપ્રિયા માટે રોહન જ જિંદગી જીવવાનું એક માત્ર રિઝન હતું. દીકરો પોતાના માટે પ્રેમ અને લાગણીનો સહારો હતો. જીવન જીવવા માટેનું ચાલકબળ એટલે રોહન. રોહન મોટો થતો ગયો તેમ તેમ સમજતો ગયો કે ડેડી પોતાની મમ્મીને કેવી રીતે રાખી રહ્યા છે. નિશિથ દેવપ્રિયા સાથે ઝગડો કરે, ગુસ્સો કરે અને ક્યારેક હાથ પણ ઉગામે ત્યારે રોહન આઈ-વિટનેસ બનીને બધું જોતો. સમય જતા તેનું ડેડી પ્રત્યે માન ઉતરતું ગયું અને મમ્મી તરફનો ઝુકાવ વધતો ગયો.

એક દિવસ જે થવાનું હતું એ થઈને જ રહ્યું. નિશિથે દેવપ્રિયાને ઘરમાંથી કાઢી મૂકી હતી. પાંચ વર્ષના રોહનનું રૂદન નિશિથને પીગળાવી શક્યું નહોતું. રોહનને મા સાથે જવા દેવાયો નહોતો. કૉર્ટ રાહે ડિવૉર્સ લીધા હતા. કાનૂની રાહે દેવપ્રિયાને દીકરાનો કબજો મળી શકે એમ હતો પરંતુ પોતાની સાથે રહે એના કરતા ડેડી સાથે રહેશે તો સારી લાઈફ જીવી શકશે, એવા વિચારથી જ દેવપ્રિયાએ રોહનની જવાબદારી લીધી નહોતી.

દેવપ્રિયાના મા-બાપની બે માળની જૂની હવેલી હતી. એમાં ભોંયતળિયે દેવપ્રિયાએ રહેવાનું શરુ કર્યું હતું. પહેલો અને બીજો માળ ભાડે આપ્યો હતો. તેની ભાડાની આવકમાં દેવપ્રિયા આરામથી રહી શકતી હતી. રોહનનો આજે નવમો જન્મદિવસ હતો. આઠ વર્ષના રોહનનો સ્કૂલ ટાઈમ તેને ખબર હતો. તે સ્કૂલે પહોંચી હતી. જો કે નિશિથે સ્કૂલ ઑથોરિટીઝને સૂચના આપી રાખી હતી કે દીકરા રોહનને મળવા મા આવે તો રોકવામાં આવે. છતા સ્કૂલ સ્ટાફ પ્રેકટિકલ, સમજદાર હતો. સ્કૂલ કેમ્પસના છાના ખુણે મા અને દીકરાનું મિલન હદયદ્રાવક બની રહ્યું. જાણે સ્કૂલની દીવાલો પણ રોઈ પડી હતી.

રોહન બોલી પડ્યો હતોઃ "ચાલ ને, મમ્મી. આપણે ક્યાંક દૂર દૂર રહેવા જતા રહીએ. જ્યાં ડેડી, દાદા-દાદી કે ફોઈ - કોઈ જ ન હોય..."

# સંબંધોને સંકોરી લઈને શેષ જીવન વ્યતિત કરવાની મથામણ અને મનોવેદના



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

(ગતાંકથી ચાલુ)

વ્યક્તિને ક્યારેક જીવન સારી રીતે જીવ્યાના સંતોષની લાગણી થાય છે, વ્યક્તિને પોતાને પોતાની ઈચ્છા પ્રમાણે જીવનમાં તેને બધુ જ મળી ગયું છે એવું મને છે ત્યારે તેને પોતાના શેષ જીવન માટે કોઈ જ પ્રકારની જિજીવિષા નથી રહેતી. પોતાના બાળકો, પોતાનું કુટુંબ, પોતાના માન-સન્માન, પોતાના નામ-શાન, પોતાની સુખ-સાહયાબીથી સંપૂર્ણ સંતોષ મળી ગયો હોય છે અને એ સંતોષનો ઓડકાર આવે છે ત્યારે વ્યક્તિ વિચારે છે કે " હવે બસ, જીવનમાં હવે કઈ જ માણવાનું , કઈ જ પ્રાપ્ત કરવાનું બાકી નથી રહ્યું." આ સંજોગોમાં વ્યકિત સ્વખુશીથી, આનંદથી અલિપ્ત રીતે, પોતાની જાત સાથે રહીને, આત્મસંતોષ માટે શેષ જીવન વિતાવવાનું નક્કી કરે છે. વ્યક્તિના આ પ્રકારના નિર્ણયથી ક્યારેક તેના આપ્તજનો નારાજ થતાં હોય છે, ક્યારેક તેઓ વિરોધ કરે છે તો ક્યારેક તેઓ રાજીખુશીથી સંમતિ પણ આપતા હોય છે. ક્યારેક તેના આપ્તજનો અલિપ્ત જીવન માટેની બધી સગવડતાઓ પણ કરી આપતા હોય છે.

આ રીતે જ્યારે વ્યક્તિ હોંશે હોંશે અલિપ્ત જીવન વિતાવે છે ત્યારે તેને એક સુંદર જીવન જીવ્યાનો આત્મસંતોષ મળે છે. આ પ્રકારે પસંદ કરેલા અલિપ્ત જીવન દરમ્યાન વ્યક્તિ પોતાની જાત સાથે રહેવાનો, પોતાને ગમતી પ્રવૃતિઓ કરવાનો, પોતાને ગમતાનો ગુલાલ કરવાનો અને પોતાના પ્રાણ અને પ્રકૃતિ સાથે સમય વીતવાવનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં વ્યક્તિ આધ્યાત્મિકતાની એક ચરમસીમાએ પહોંચી જાય છે અને એક દિવ્ય જીવન જીવ્યાની દિવ્ય અનુભૂતિ કરે છે.

અલિપ્ત જીવન પસંદ કરનાર વ્યક્તિ શહેર કે સમાજથી દૂર જઈને આશ્રમ, મંદિર કે જંગલમાં ઝૂંપડી બનાવીને એકાંતવાસમાં જ વસવાટ કરે છે એવું નથી. અલિપ્ત જીવન જીવનાર વ્યકિત સમાજમાં, સમાજ વચ્ચે જ રહે છે . ક્યારેક તો તે પોતાના એકાદ-બે આપ્તજનો સાથે પણ રહેતી હોય છે. છતાં પોતાના બધા જ પ્રકારના સામાજિક વ્યવહારોથી તદન અલિપ્ત રહે છે. કોઈ સગા-સંબંધીઓ કે સ્નેહીજન સાથે ભાગ્યે જ વાતચીત કરે છે. ફોન, સોસિયલ મીડિયા, સામાજિક પ્રસંગો, મેળવડાઓ, જાહેર પ્રસિધ્ધિ, મુલાકાતો અને જાહેર સ્થળોથી એ વ્યકિત હંમેશા દૂર રહેવાનુ પસંદ કરે છે. પોતાની નાદુરસ્ત તબિયત કે બિમારીના સમયે જરૂર પૂરતા જ વ્યવહારો કરે છે. પોતાની જીવન જરૂરિયાતોને પોતે પોતાની રીતે જ પૂરી કરે છે અથવા તો એકાદ બે અંગત વ્યક્તિઓ એ જરૂરિયાતો પૂરી પડે છે . આ પ્રકારનું જીવન જીવવું એ એક કઠિન તપશ્ચર્યા જેવુ હોય છે.

થોડો સમય અલિપ્ત રીતે જીવન વિતાવ્યા પછી ક્યારેક એવું બને છે કે વ્યક્તિને એ જીવન અનુકૂળ નથી આવતું. અલિપ્ત જીવનની હાડમારીઓ, મૂશ્કેલીઓ, તકલીફોને વ્યક્તિ વેઠી નથી શકતી. અલિપ્ત જીવન વિતાવતી વ્યકિતને ક્યારેક એકલતાનો એહસાસ થાય છે અને એકલતા કોરી ખાય છે. ક્યારેક જીવનના ખાટાં-મીઠા સ્મરણો તેનો પીછો નથી છોડતા. અલિપ્ત રીતે જીવન જીવતી વ્યક્તિને શારીરિક બીમારીઓના સમયે કોઈનો સાથ —સહકાર નથી મળતો ત્યારે તેની પીડા અસહ્ય બની જતી હોય છે અને પોતાની જાતને અપાહિજ મહેસુસ કરે છે. વ્યક્તિ આ બધી વેદના, વ્યથા કે પીડા વ્યક્તિ સહન નથી કરી શકતી. પોતાના સંબંધો, માન-શાન અને સન્માન, જાહોજલાલી અને સુખસહયાબીનો મોહ વ્યક્તિને ગળે વળગે છે. પરિણામે વ્યક્તિ પોતાના સામાન્ય જીવનમાં પાછો ફરવાનો નિર્ણય કરે છે અથવા તો આત્મહત્યા કરવાનો રસ્તો અપનાવે છે. વ્યકિત આ બે વિકલ્પમાથી પહેલો વિકલ્પ પસંદ કરીને સંકોરી લીધેલા સંબંધોની પોટલી ફરી પાછી ખોલે છે ત્યારે નવા ખોળિયાંમાં જન્મ લીધો હોય એવી લાગણી થાય છે. આ પરિસ્થિતિમાં એવું પણ બને કે વ્યક્તિને પોતાના સંબંધો અને સંબંધીઓ ફરી પાછા મૂળ સ્થિતિમાં સ્વીકારી શકતા નથી અથવા તો વ્યક્તિ પોતે પોતાની મૂળ સ્થિતિમાં આવી શકતી નથી. આ પરિસ્થિતી માટે એવું કહી શકીએ કે "બાવાના બેય બગડયા" આમ વ્યક્તિ પોતાના સામાન્ય જીવનમાં પાછી ફરીને પણ ક્યારેક વેદના અને વ્યથાને જ નોતરે છે.

આપણે જીવનના કોઈપણ દૌરમાથી પસાર થતાં હોઈએ એવું બને. આપણે પોતે અલિપ્ત જીવન જીવવા વિષે વિચારતા હોઈએ અથવા તો અથવા તો, અલિપ્ત જીવન જીવવાનું પસંદ કરીને જીવતા પણ હોઈએ. અલિપ્ત જીવન જીવવાનો કઠોર નિર્ણય લેતા પહેલા આપણાં હાલના સંજોગો અને પરિસ્થિતિને ઊંડાણથી માપવાનો અને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે આત્મવિશ્લેષણ કરીને જાણવું જોઈએ કે આપણે એવી કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ જે આપણને અલિપ્ત જીવન જીવવા વિષે વિચારવા માટે મજબૂર કરી રહી છે? આપની પોતાની એ પરિસ્થિતી માટે જવાબદાર કોણ? કદાચ આપણે પોતે જ. જો એ પરિસ્થિતી માટે આપણે પોતે જ જવાબદાર હોઈએ તો કદાચ આપણે પોતે જ એ પરિસ્થિતીને સુધારી શકીએ અને અલિપ્ત જીવનને બદલે બીજા વિકલ્પો શોધીને બીજા માર્ગ કાઢી શકીએ.

જીવનના પાછલા વર્ષોમાં અલિપ્ત જીવન જીવવું એ ભારતીય સંસ્કૃતિની એક પરંપરા રહી છે. અનેક પૌરાણિક કથાઓમાં એવા વર્ણનો છે કે વ્યકિત પોતાના જીવનના છેલ્લા વર્ષો વાનપ્રસ્થાશ્રમરૂપે વનમાં જઈને અલિપ્ત રીતે વિતાવતા હતા અને પોતાની જાત સાથે ઐક્ય સાધીને જીવનની દિવ્ય અનુભૂતિનો સાક્ષાત્કાર કરીને પોતાનું જીવન પણ દિવ્યતા તરફ લઈ જવા પ્રયત્ન કરતાં હતા. સાંપ્રત સમયમાં અલિપ્ત જીવન પસંદ કરવાના કારણો અલગ હોય છે અને અલિપ્ત જીવનની પરિસ્થિતી પણ અલગ હોય છે. વ્યક્તિએ પોતે પસંદ કરેલું અલિપ્ત જીવન જો વ્યક્તિને પીડા અને વેદના સિવાય બીજું કઈ જ ના આપી શકતું હોય તો એ અલિપ્ત જીવનનો કોઈ જ અર્થ નથી.. એથી ઊલટું, અલિપ્ત જીવન જીવવાથી વ્યક્તિને અધ્યાત્મિક રીતે શાંતી મળતી હોય, જીવન વધારે સુખદાયી લાગતું હોય, અલિપ્ત જીવન જીવીને વ્યક્તિ ધન્યતાનો અનુભવ કરી શકતી હોય તો એ જીવન દિવ્ય છે અને એ જ જીવન વ્યક્તિને દિવ્યતા તરફ દોરી જઈ શકે છે.

નિર્ણય આપણે કરવાનો છે, આપણાં માટે જ.